# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર-૨૦૧૭

તારીખ : ૦૪/૧૦/૨૦૧૭ ધોરણ-૬ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦
વાર : બુધવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો.** (6)

(1) કવિ હિંદને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે ? ☐
(ક) વેદોની (ખ) કૃષ્ણની
(ગ) દેવોની (ઘ) પુણ્યની

(2) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માગી ? ☐
(ક) પબ્લિક ફોન (ખ) મોબાઈલ ફોન
(ગ) સેલ્યુલર ફોન (ઘ) ગ્રામોફોન

(3) રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યું ? ☐
(ક) રાજાએ (ખ) બ્રાહ્મણોએ
(ગ) લોકોએ (ઘ) બહારવટિયાઓએ

(4) કવિએ કઈ મોસમને 'મહેનતની મોસમ' કહી છે ? ☐
(ક) લણવાની (ખ) વસંતઋતુની
(ગ) ચોમાસાની (ઘ) શિયાળાની

(5) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા ? ☐
(ક) હટાણું (ખ) ફરવા
(ગ) ગામ જોવા (ઘ) ગોળ લેવા

(6) 'પગલે-પગલે' કાવ્યમાં કવિ કોને અજવાળવાનું કહે છે ? ☐
(ક) ઓરડાને (ખ) શેરીને
(ગ) અંતરને (ઘ) ગામને

Scanned by CamScanner

**(બ) કૃતિ અને કર્તાને યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) પાદર | (1) ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| (2) લેખણ ઝાલી નો રહી | (2) નાથાલાલ દવે |
| (3) પગલે-પગલે | (3) ડૉ. કિશોરસિંહ સોલંકી |
| (4) દ્વિદલ | (4) જોરાવરસિંહ જાદવ |
| (5) મહેનતની મોસમ | (5) સંતબાલ |

**(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

ઓ હિંદ ! દેવભૂમિ ..................

.........................................

.........................................

.................... સંતાન સૌ તમારાં !

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો ?

(2) શિલ્પીએ પહેલી મૂર્તિ પડતી કેમ મૂકી ?

(3) કહળસંગે કઈ કઈ વસ્તુની ખરીદી કરી ?

(4) સાંજે જમતી વખતે રાજા કેમ ગુસ્સે થયા ?

**(બ) સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે)** (8)

(1) ઉનાળાના બપોરે ગોંદરું કઈ રીતે ઉપયોગી બને છે ?

(2) હરખચંદને શા માટે શરમાવું પડયું ?

(3) સ્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની શા માટે ના પાડી ?

**(ક) કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) શિલ્પીએ બનાવેલી મૂર્તિને જોઈને માણસને આશ્ચર્ય થયું.

(2) ઝવેરચંદ મેઘાણીએ રવિશંકર મહારાજને 'માણસાઈના દીવા' કહ્યા હતા.

(3) રાજા અકબર માને છે કે અપશુકનિયાળ ઝાડુવાળાને જોવાથી તેમનો આખો દિવસ બગડયો.

(4) ગોંદરું 'ગામનું નાક' કહેવાય છે.

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** (2)

(1) લાલ-પીળા થઈ જવું    (2) ડાંડાઈ કરવી.

(3) પગરણ માંડવા

Scanned by CamScanner

**(2) નીચે આપેલી સંજ્ઞાનો પ્રકાર લખો.** (2)

(1) ઘી (2) ઝૂમખું

**(3) વિરૂદ્ધાર્થી શબ્દો લખો.** (2)

(1) સાક્ષર × ________ (2) પરદેશ × ________

**(4) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (2)

(1) મૃત્યુ સમયે લખાતો પત્ર ________________

(2) સવારનો નાસ્તો ________________

**(5) નીચેના વાક્યોના પ્રકાર ઓળખીને લખો.** (2)

(1) કયાં છે મારું ગઈકાલનું ગોંદરું ?

(2) બાદશાહ બરાડી ઊઠયા, ''કેવો કમનસીબ દિવસ છે !''

**(6) નીચેના વાક્યમાં ક્રિયાપદ કયું છે ? તે લખો.** (2)

(1) કહળસંગે ગાડું હંકારી મૂકયું.

(2) એમણે ઘેર ઘેર ફરીને મોટી રકમ એકઠી કરી.

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.** (1)

(1) ગોંદરું (2) પ્રસંગ

**(8) નીચેની જોડણી સુધારીને લખો.** (2)

(1) શીલપી (2) મુક શેવક

**પ્રશ્ન-4 (અ) તમારી શાળામાં યોજાયેલ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.** (5)

**અથવા**

**નીચેના મુદ્દાઓ પરથી વાર્તા લખો.**

એક નાનું ગામ – યુવાનો ભણેલા – વૃદ્ધો વ્યવહારકુશળ – ગામમાંથી જાન જવી – જાનમાં વૃદ્ધોને ન લઈ જવા – જાનમાં માત્ર યુવાનો જ – કન્યાપક્ષની શરત – જવાબ આપો તો જ કન્યા પધરાવીએ – 'ગામનું તળાવ ઘીથી ભરી આપો.' – યુવાનોની ચિંતા – સંતાઈને આવેલા વૃદ્ધનો જવાબ – 'પહેલાં તળાવ ખાલી તો કરી આપો.' – કન્યા પક્ષનું કહેવું, જાનમાં એક વૃદ્ધ જરૂર આવ્યા હશે.

**(બ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) અતિવૃષ્ટિ

(2) મારા ગામનું પાદર

(3) મારો પ્રિય તહેવાર

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો.** (5)

રવિશંકર મહારાજનો જન્મ સંવત 1940 ના મહા મહિનાની વદ ચૌદશના દિવસે એટલે કે મહાશિવરાત્રીના રોજ થયો હતો. ઈ.સ. 1884 ના ફેબ્રુઆરી મહિનાની પચીસમી તારીખે ખેડા જિલ્લાના રઢુ ગામે જન્મેલા રવિશંકરના પિતાશ્રીનું નામ શિવરામભાઈ અને માતૃશ્રીનું નામ નાથીબા હતું. પિતાજી પાસેથી જીવનમાં સારી ટેવો કેળવવાનું અને માતા પાસેથી ખૂબ ચાવી ચાવીને ખાવાની આરોગ્યની ચાવીનું શિક્ષણ એ બાળપણમાંથી જ પામ્યા હતા.

(1) રવિશંકર મહારાજનો જન્મ કયારે થયો હતો ?

(2) રવિશંકર મહારાજનું જન્મસ્થળ જણાવો.

(3) રવિશંકર મહારાજના માતા-પિતાનું નામ જણાવો.

(4) રવિશંકર મહારાજ બાળપણથીજ માતા પાસેથી શું શીખ્યા હતા ?

(5) રવિશંકર મહારાજ બાળપણથીજ પિતા પાસેથી શું શીખ્યા હતા ?

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે બે)** (4)

(1) રવિશંકર મહારાજ

(2) કહળસંગ

(3) રાજા અકબર

**(ક) ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) ભારતમાતાના સંતાનો છેલ્લે શી પ્રાર્થના કરે છે ?

(2) સ્રીનો જવાબ સાંભળી યુવક ખુશ કેમ થયો ?

(3) મૂકસેવક મહારાજે લોકસેવકના કયાં-કયાં કાર્યો કર્યા ?

(4) લેખકે ગામના પાદરમાં ઊજવાતા કયા-કયા પ્રસંગોની વાત કરી છે ?

Scanned by CamScanner